
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૫ | ૨૭ નવેમ્બર, ૨૦૨૧, શનિવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બ્લેક ફ્રાઈડે : સેન્સેક્સમાં ૧૬૮૮નો ઘટાડો

**રોકાણકારોના ૧૪ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા : સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સમાં ૧૬૮૮ અને નિફ્ટીમાં ૫૧૦ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો : નિફ્ટી ૧૭,૦૨૬.૪૫ પોઈન્ટ પર બંધ : આફ્રિકાના દેશોમાં કોવિડના નવા પ્રકારથી વિશ્વભરના બજારોમાં ગભરાટ**



મુંબઈ, તા.૨૬

સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેરબજાર એક દિવસના કારોબાર બાદ ઘટાડા સાથે બંધ થયું હતું. શુક્રવારે બીએસઈ મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૧૬૮૭.૯૪ અંક એટલે કે ૨.૮૭ ટકાના ઘટાડા સાથે ૫૭,૧૦૭.૧૫ પર બંધ થયો હતો. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે બીએસઈની સાથે એનએસઈ પર પણ ઘટાડો જોવા મળ્યો હતો. દિવસના કામકાજના અંતે એનએસઈનો મુખ્ય સૂચકાંક નિફ્ટી પણ ૫૦૯.૮૦ પોઈન્ટ એટલે કે ૨.૯૧ ટકા ઘટીને ૧૭,૦૨૬.૪૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

શુક્રવારે ટ્રેડિંગ બંધ થયા પછી, ડો. રેડ્ડી. નેસ્લેઈન્ડિયા, એશિયન પેઈન્ટ્સ અને ટીસીએસના શેર લીલા નિશાન સાથે બંધ થયા. જ્યારે, હિન્દયુનિલિવર, પાવરગ્રીડ, એચસીએલટેક, સનફાર્મા, ઈન્ફાઈ, બજાજ-ઓટો, એચડીએફસીબેંક, ટેકમ, એક્સિસબેંક, અલ્ટ્રાસેમ્કો, આઈટીસી, રિલાયન્સ, કોટકબેંક, ભારતીએરટેલ, આઈસીઆઈસી બેંક, ટાઈટન, એચડીએફસી, બજાજફાયનાન્સ, એનટીપીસી,

● અનુસંદાન પાન-૭ પર

# બંધારણ દિવસની ઉજવણી

**૭૧ માં બંધારણ દિવસ પ્રસંગે સંસદના સેન્ટ્રલ હોલમાં મુખ્ય કાર્યક્રમ : બંધારણ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ કોવિંદ અને વડાપ્રધાન ઉપસ્થિત રહ્યા : કોંગ્રેસ સહિતના ડઝનથી વધુ રાજકીય પક્ષોએ અંતર જાળવ્યું : પારીવારિક પક્ષો દેશ માટે ચિંતાનો વિષય : નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા.૨૬

સરકારે બંધારણ દિવસ નિમિત્તે આજે નવી દિલ્હી ખાતે કાર્યક્રમો આયોજિત કર્યા હતા. સંસદ ભવનના સેન્ટ્રલ હોલ ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા. જોકે બંધારણ દિવસ પર આયોજિત કાર્યક્રમથી કોંગ્રેસ સહિતના ડઝન કરતાં પણ વધારે રાજકીય દળોએ અંતર જાળવ્યું છે.

પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મહાત્મા ગાંધી અને બાબા સાહેબ ભીમરાવ આંબેડકરને નમન કર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, 'આ બંધારણ દિવસ એટલા માટે પણ ઉજવવો જોઈએ જેથી આપણો રસ્તો સાચો છે કે, નહીં તેનું મૂલ્યાંકન થઈ શકે. આપણું બંધારણ ફક્ત અનેક કલમોનો સંગ્રહ જ નથી, આપણું બંધારણ સહસ્ત્રો વર્ષોની મહાન પરંપરા, અખંડ ધારા તે ધારાની આધુનિક અભિવ્યક્તિ છે. રાષ્ટ્રહિત સૌથી ઉપર હતું ત્યારે જ બંધારણનું નિર્માણ થઈ શક્યું.'

● અનુસંદાન પાન-૭ પર



# દક્ષિણ આફ્રિકામાં બી.૧.૧.૫૨૯ નવો કોવિડ વેરિયન્ટ મળ્યો

**કોરોનાના નવા વેરિયન્ટે વિશ્વભરમાં ચિંતા વધારી : નવા વેરિએન્ટથી પ્રભાવિત દેશોમાંથી આવી રહેલા લોકોનુ સ્ક્રીનિંગ કરવા માટેના આદેશ પણ આપવામાં આવ્યા**

નવી દિલ્હી, તા.૨૬

કોરોનાની ત્રીજી લહેરની આશંકા વચ્ચે એનો નવો વેરિયન્ટ મળ્યો છે જેના કારણે દુનિયા ફરી એક વાર ભય નો માહોલ જોવા મળ્યો છે. આ નવો વેરિયન્ટ દક્ષિણ આફ્રિકાથી જોવા મળ્યો છે. દેશના વાયરોલોજિસ્ટ ટ્યૂલિયો ડી ઓલિવિરાએ જણાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં મલ્ટીપલ મ્યૂટેશનવાળો કોવિડ વેરિયન્ટ સામે આવ્યો છે. વૈજ્ઞાનિકોએ એનું નામ બી.૧.૧.૫૨૯ રાખ્યું છે અને એને વેરિયન્ટ ઓફ કન્સર્ન ગણાવ્યો છે. આ સાથે WHOની ઈમર્જન્સી બેઠક બોલાવવાની માગ કરવામાં આવી છે. ઓલિવિરાએ વધુમાં કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં નવા કોરોના દર્દીઓની સંખ્યા વધવા પાછળનું સૌથી મોટું કારણ બહુવિધ પરિવર્તન સાથેનો પ્રકાર છે. બોત્સવાના અને હોંગકોંગમાં દક્ષિણ આફ્રિકાના નાગરિકોમાં પણ સમાન સંક્રમણ જોવા મળ્યું છે.

કોરોના વાયરસના નવા વેરિઅન્ટથી આખી દુનિયા ફરી એક વખત ચિંતામાં છે. ભારતે પણ રાજ્યોને એલર્ટ રહેવા માટે કહ્યુ છે.

નવો વેરિએન્ટ સાઉથ આફ્રિકામાં જોવા મળ્યો છે. એવુ કહેવાય છે કે, તે વધારે ઝડપથી ફેલાય છે અને તે ૩૦ વખત પોતાનુ સ્વરુપ બદલી ચુકયો છે. આ વેરિએન્ટને હવે બી.૧.૧.૫૨૯ નામ આપવામાં આવ્યુ છે.

નવા વેરિએન્ટથી પ્રભાવિત દેશોમાંથી આવી રહેલા લોકોનુ સ્ક્રીનિંગ કરવાના આદેશ પણ આપવામાં આવ્યા છે.આ તમામ મુસાફરો ભારતમાં ઉતરશે એટલે એરપોર્ટ પર તેમની તપાસ કરવામાં આવશે.

૩૦ થી વધારે વખત પોતાનુ સ્વરુપ બદલી ચુકેલા આ વેરિએન્ટને એટલે જ ખતરનાક ગણવામાં આવી રહ્યો છે કે, તે ઝડપથી પોતાનુ સ્વરુપ બદલી શકે છે.બીજી લહેરમાં ડેલ્ટા તેમજ ડેલ્ટા પ્લસ વેરિએન્ટ જાન લેવા સાબિત થયો હતો.સૌથી વધારે ચિંતાની વાત એ છે કે, હાલની વેક્સીન આ વાયરસ પર અસર કરે છે કે નહીં તેની ચોક્કસ જાણકારી હજી કોઈની પાસે નથઈ.તેનો અભ્યાસ થઈ રહ્યો છે. ભારત દ્વારા હવે નવા વેરિએન્ટને ધ્યાનમાં રાખીને બીજા દેશોમાંથઈ અને ખાસ કરીને આફ્રિકાના દેશોમાંથી આવનારા લોકોનુ એરપોર્ટ પર સ્ક્રીનિંગ કરવાનુ નક્કી કરાયુ છે.

બીજી લહેરમાં યુરોપમાં કહેર મચાવી રહેલા ડેલ્ટા વાયરસના કારણે ઘણા ભારતીયો પાછા ફર્યા હતા અને તેના કારણે આ વાયરસની ભારતમાં પણ એન્ટ્રી થયા બાદ તબાહી મચી હતી.

# એમએસપી પર કાયદો બન્યા પછી જ પરત જઈશું

**ટીકરી બોર્ડર પર ખેડૂતોનું શક્તિપ્રદર્શન સાથે મહાપંચાયત શરૂ**

નવી દિલ્હી,તા.૨૬

ખેડૂત આંદોલનને એક વર્ષ પૂરું થઈ ગયું છે. નવા કૃષિ કાયદાઓને પરત લેવાની પ્રક્રિયા પણકેન્દ્ર સરકાર દ્વારા શરૂ થઈ ગઈ છે ટો પણ ખેડૂતો અડગ થઈને ટીકરી બોર્ડર પર બેઠા છે તેમનું કેહવું છે કે અમારું આંદોલનહજીપૂરું થયું નથી . ટીકરી બોર્ડરની પાસે સેક્ટર-૧૩માં ૭ એકર ક્ષેત્રમાં કિસાન મહાપંચાયત શરૂ થઈ ગઈ છે. કિસાન નેતા જોગિંદર સિંહ ઉગ્રાહાં મહાપંચાયતમાં પહોંચી ગયા છે.

ઉગ્રાહાંએ કહ્યું હતું કે ખેડૂતોની માગ પર જવાબ હજી આવ્યો નથી. સંયુક્ત મોરચાના પત્રનો જવાબ આવશે તો ખેડૂતો ઘરે જતા રહેશે. સ્જીઁ સહિત બીજી માગો પર પણ નિર્ણય થવાનો હજી બાકી છે. આ પંચાયત ખેડૂતોની જીતની ઉજવણી કરવા માટે છે. સંઘર્ષની જાહેરાત કરવા માટે મહાપંચાયત કરી છે અને જ્યાં સુધી માગ પૂરી નહિ થાય ત્યાં સુધી ઘરે જઈશું નહિ. ઘરે પરત જવાનું મન થાય છે, પરંતુ હાલ સરકારના જવાબની રાહ છે. ભારતીય કિસાન યુનિયન એકતા((ઉગ્રાહાં) તરફથી સેક્ટર-૧૩માં આ મહાપંચાયતનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એમાં સંયુક્ત કિસાન મોરચાના તમામ નેતાઓને બોલાવવામાં આવ્યા છે. મ્દ્ભે એકતાના કાર્યકારી પ્રધાન જસવિંદર સિંહે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં ૨૦ હજારથી વધુ કિસાન ટીકરી બોર્ડર પર પહોંચી ચૂક્યા છે. આ સિવાય સિંધુ બોર્ડર પર પણ ઘણા ખેડૂતો પહોંચી ચૂક્યા છે.

તેમણે જણાવ્યું હતું કે મહાપંચાયતમાં આંદોલનની રણનીતિ પર ચર્ચાની સાથે જ એક વર્ષની તમામ ગતિવિધિઓ પર ખેડૂતનેતા પોતાના વિચાર રજૂ કરશે. બીજી તરફ, ટીકરી બોર્ડર પર પણ સવારથી જ અવર-જવર વધી ગઈ છે.

આ મહાપંચાયતમાં સામેલ થવા પંજાબમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચી રહ્યા છે. ખેડૂતોને એક તરફ કૃષિ કાયદાને પરત લેવાની ખુશી છે, બીજી તરફ આંદોલન દરમિયાન જીવ ગુમાવનારા સાથી ખેડૂતોનાં મૃત્યુને લઈને દુઃખ પણ છે.

# કેન્દ્ર સરકારે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને આપી મંજૂરી

**૧૫ ડિસેમ્બરથી ઇન્ટરનેશનલ ફ્લાઇટ શરૂ થઇ જશે**



નવી દિલ્હી, તા.૨૬

ભારતમાં ૧૫ ડિસેમ્બરથી નિયમિત રૂપથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થઈ જશે. કોરોનાના લીધે અત્યાર સુધી તમામ આંતરરાષ્ટ્રીય ઉડાનો રદ હતી. બુધવારે જ નાગરિક ઉડ્ડયન સચિવ રાજીવ બંસલે કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ઉડાન સેવાઓને ખૂબ જલદી જ સામાન્ય કરવાની આશા છે.

કોવિડ ૧૯ મહામારીના લીધે ગત વર્ષે માર્ચ બાદથી ભારતમાં આવનાર અને અહીંથી જનાર આંતરરાષ્ટ્રીય યાત્રી ઉડાન સેવાઓ બંધ હતી. તાજેતરમાં જ આ પ્રતિબંધ વધારવામાં આવ્યો હતો. અત્યારે ભારતે આંતરરાષ્ટ્રીય ઉડાનોના સંચાલન માટે ૨૫થી વધુ દેશો સથે એર બબલ કરાર કર્યો છે. એર બબલ કરાર બે દેશોની વચ્ચે ઉડાન સેવાઓને ફરીથી શરૂ કરવાની એક અસ્થાયી વ્યવસ્થા છે. દ્વિપક્ષીય 'એર બબલ' કરાર હેઠળ, બંને દેશોની એરલાઈન્સ કેટલીક શરતો સાથે આંતરરાષ્ટ્રીય ઉડાનો સંચાલિત કરી શકે છે.

# મ્યાનમાર-ભારત સીમા પર ૬.૩ તીવ્રતાનો ભૂકંપ

**પશ્ચિમ બંગાળ સુધી આંચકા અનુભવાયા : ભારતમાં પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને આસામમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હોવાના અહેવાલ છે**

નવી દિલ્હી, તા.૨૬

મ્યાનમાર-ભારત બોર્ડર ક્ષેત્ર પર શુક્રવારની સવારે ૬.૩ તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. આ વાતની જાણકારી યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજીકલ સેન્ટર દ્વારા આપવામાં આવી છે. જાણકારી મુજબ, બાંગ્લાદેશના ચટગાંવથી લગભગ ૧૭૫ કિમી પૂર્વમાં ૬.૩ની તીવ્રતા સાથે ધરતી ધ્રૂજી હતી. ભારતમાં પશ્ચિમ બંગાળ, ત્રિપુરા અને આસામમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત શુક્રવારે જ ભારતના ઉત્તર પૂર્વ રાજ્ય મિઝોરમમાં પણ ભૂકંપ આવ્યો હતો. બાંગ્લાદેશ (મ્યાનમાર-ભારત સરહદ વિસ્તાર)ના ચટગાંવથી ૧૭૫ કિમી પૂર્વ (મ્યાનમાર-ભારત સીમા ક્ષેત્ર)માં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અત્યાર સુધી આ ભૂકંપના કારણે કોઈ જાનહાનિના અહેવાલ નથી. અહીં, નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, મિઝોરમમાં થેન્વલથી ૭૩ કિમી દક્ષિણપૂર્વમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ઈસ્જીઝ્ર અનુસાર, બાંગ્લાદેશના ચટગાંવ અને આઈઝોલથી લગભગ ૨૮૦ માઈલ (૪૫૦.૬૨ કિમી) દૂર પૂર્વ ભારતના શહેર કોલકાતામાં અનુભવાયો હતો. ચટગાંવથી એક સાક્ષીએ ઈસ્જીઝ્ર પર પોસ્ટ કર્યું કે ખૂબ જ તીવ્ર આંચકા. ચટગાંવ, જે ભૂકંપના કેન્દ્રથી લગભગ ૧૮૪ કિમી (૧૧૫ માઈલ) પશ્ચિમમાં છે. આસામના સૌથી મોટા શહેર ગુવાહાટી સહિત રાજ્યના ઘણા ભાગોમાં શનિવારે બપોરે ૪.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના ડેટા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર કામરૂપ જિલ્લામાં ૧૦ કિમીની ઊંડાઈએ હતું. બપોરે ૧.૧૨ કલાકે આવેલા ભૂકંપના આંચકા ગુવાહાટી અને તેની આસપાસના વિસ્તારોમાં અનુભવાયા હતા. જોકે, અત્યારસુધી આના કારણે કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઉલ્લેખનીય છે કે, પૂર્વોત્તરનો આ વિસ્તાર ભૂકંપ માટે સંવેદનશીલ છે અને આ વિસ્તારમાં દરરોજ ભૂકંપના આંચકા અનુભવાય છે.

# મુંબઈમાં ૨૦૦૮માં થયેલા આતંકી હુમલાની ૧૩મી વરસી

**મુંબઈના વિવિધ સ્થળોએ ધમાકા થયા હતા : વર્ષ ૨૦૦૮માં ૨૬ નવેમ્બરના દિવસે ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓ સમૃદ્ર માર્ગે મુંબઈ પહોંચ્યા હતા**

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં થયેલા આતંકી હુમલો કહેવામાં આવે છે. આ ઘટના વિશે વાંચતા કે ફિલ્મોમાં તેનું રૂપાંતરણ જોતાં જ લોકોના



આતંકી હુમલાની આજે ૧૩મી વરસી છે. આ હુમલાને ભારતના ઈતિહાસનો સૌથી ભયાનક રૂંવાડા ઊભા થઈ જાય છે. વર્ષ ૨૦૦૮માં ૨૬ નવેમ્બરના દિવસે ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓ સમૃદ્ર માર્ગે મુંબઈ પહોંચ્યા હતા અને કેટલાંય સ્થાનો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો જેમાં ૧૮ સુરક્ષાકર્મી સહિત ૧૬૬ લોકો માર્યા ગયા હતા. આ ઉપરાંત, ઘાયલ થનારા લોકોની સંખ્યા પણ ઘણી છે. આતંકવાદીઓએ સૌથી પહેલા રાત્રે ૯.૩૦ કલાકે છત્રપતિ શિવાજી રેલવે ટર્મિનસ પર ગોળીબાર કર્યો હતો. આતંકવાદીઓએ છ્જીસ્્‌થી ૧૫ મિનિટ સુધી ગોળીબાર કર્યો હતો, જેમાં ૫૨ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ત્યારબાદ લગભગ ૧૦.૩૦ વાગ્યે વિલે પાર્લે વિસ્તારમાં એક ટેક્સીને આતંકવાદીઓએ બોમ્બથી ઉડાવી દીધી હતી.

# ફ્રેશર્સ પાર્ટીને લીધે કર્ણાટકની મેડિકલ કોલેજમાં કોરોના વકર્યો

નવી દિલ્હી, તા.૨૬

કર્ણાટકની એક મેડિકલ કોલેજમાં કોરોનાથી સંક્રમિત થયેલા વિદ્યાર્થીઓનો આંકડો ૧૮૨ પર પહોંચી ગયો છે. કોરોના વિસ્ફોટ થવાનુ કારણ કોલેજના વિદ્યાર્થીઓએ યોજાયેલી ફ્રેશર્સ પાર્ટી હોવાનુ બહાર આવ્યુ છે.વધારે ચોંકાવનારી વાત એ છે કે, સંક્રમિત થયેલા વિદ્યાર્થીઓમાંથી ઘણાએ કોરોના વેક્સીનના બંને ડોઝ લીધા છે. કોલેજ કેમ્પસમાં ભણનારા વિદ્યાર્થીઓ પૈકી ૩૦૦ વિદ્યાર્થીઓના કોરોના ટેસ્ટ થઈ ચુકયા છે સાથે સાથે ૩૦૦૦ જેટલા કર્મચારીઓના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે.ગઈકાલ સુધીમાં ૬૬ વિદ્યાર્થીઓ સંક્રમિત હોવાનુ બહાર આવ્યુ હતુ.

Dr. Gaglani's Info KIDS
THE KIDS UNIVERSITY
Pre-school & Day Care

72111 72400
Plot No. 80/2, Sector 2A, Gandhinagar
WE ARE HIRING !

PRE-SCHOOL TEACHERS
- Minimum 2 years of Pre-school Teaching Experience
- B.Ed / D.Ed / NTT or ECCE from recognized institutions
- Excellent Command in Spoken and Written English
- Good communication and lesson delivery skills

Pre સ્કૂલના બાળકોની સંભાળ માટે Care Taker(આયા) ની જરૂર છે
- Woman(સ્ત્રી) Only
- ભૂતકાળમાં આ ક્ષેત્રમાં કામ કરેલાઓને પહેલા તક આપવામાં આવશે
- સફાઈ કામો નો અનુભવ

2021-2022 માટે એડમિશન ચાલુ છે
ફ્રેન્ચાઇઝી માટે ફોન કરો
98242 66121